જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૧૨/૨૦૧૮ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૨૩૬૬/૧૮**

**નવરંગપુરા પોલીસ સ્ટેશનઃ**

નવરંગપુરા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૬૫/૨૦૧૮ થી ઇપીકો કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ તથા આઇ.ટી.એક્ટ કલમ ૭૮ મુજબના કામના ફરીયાદીશ્રી જય સ/ઓ જયંતભાઇ ઝુવાલભાઇ પ્રજાપતિ ઉ.વ.૧૯ રહે- મ.નં.આર/૪૦૨, રાધેશ્યામ રેસીડન્સી, બાપા સીતારામ ચોક, નવા નરોડા, અમદાવાદ શહેર નાઓની ફરીયાદના કામે હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ફેસ્ટા માટી સુપર ઇન્ફો વેવ કંપની બનાવી તેની ક્વીકર ઉપર ઓનલાઇન ઘરે બેઠા પાર્ટ ટાઇમ કમાવાની લોભામણી જાહેરાત મુકી ગ્રાહકોને ફોનથી કોન્ટેક કરી વિશ્વાસમાં લઇ ડેટા એન્ટ્રીનુ કામકાજ કરવા પ્રેરીત કરી તેઓની કંપનીના પ્લાન મુજબ (૧)૧૦૦ પેજના કામ માટે ડીપોઝીટના રૂ.૩૦૦૦/- (૨) ૨૦૦ પેજના કામ માટે ડીપોઝીટના રૂ.૪૦૦૦/- (૩) ૨૫૦ પેજના કામ માટે ડીપોઝીટના રૂ.૫૦૦૦/-(૪) ૩૫૦ પેજના કામ માટે ડીપોઝીટના રૂ.૭૮૦૦/-(૫) ૫૦૦ પેજના કામ માટે ડીપોઝીટના રૂ.૧૧,૦૦૦/-ના જુદા જુદા પ્લાન બતાવી ગ્રાહકો તે કામમાં ૬૫% ચોકસાઇ સાથે કામ પુર્ણ ન કરે તો જ ગ્રાહકને તેના ડીપોઝીટના પૈસા તેમજ તેઓની કંપનીએ નક્કી કરેલ રૂપિયા આપવામાં આવશે તેમ કહી તેઓની સિસ્ટમમાં ગ્રાહકો ટાઇપ કરે તેની પુર્ણ ચોકસાઇ ન આવે તે રીતેનુ સેટીંગ કરી ગ્રાહકોના ડીપોઝીટના નાણાં મેળવી ગ્રાહકોને ઓનલાઇન ડેટા એન્ટ્રીનુ કામ આપી ગ્રાહકો ડેટા એન્ટ્રીનુ કામ પુર્ણ કરી સબમીટ કરવા છતા તેઓના કામનુ વળતર કે ગ્રાહકે આપેલ ડીપોઝીટના નાણાં પરત નહી ચુકવી ગ્રાહકો સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરતા હોવાની ફરીયાદીશ્રીની ફરીયાદ આધારે ઉપરોક્ત નંબરથી ગુનો દાખલ કરવામાં આવેલ છે.

સદર ગુનાની તપાસ દરમ્યાન આ કામના આરોપીઓ (૧) વિનોદકુમાર સ/ઓ મુકતીનાથ મીશ્રા ઉ.વ-૪૬, રહે- એ/૫૦૪ શકલ રેસીડેંસી, ન્યુ સી.જી.રોડ, ચાંદખેડા, અમદાવાદ (૨) ઉમ્મલ ઉર્ફે અન્નમીક ડો/ઓ નટુભાઇ પ્રજાપતિ ઉ.વ-૨૭, રહે-૭૧ કૈલાશપુરી સોસાયટી,કુબેરનગર મહાદેવ, નરોડા, અમદાવાદ (૩) લક્ષ્મી ઉર્ફે જાનવી ડો/ઓ મોહનભાઇ પંચાલ ઉ.વ.૨૫ રહે- એ બ્લોક અભિનંદન એપાર્ટમેંટ,કેકાઇ ટાવરની બાજુમા,રામનગર, સાબરમતી, અમદાવાદ (૪)જયદીપ સ/ઓ ગિરિશભાઇ પરમાર ઉ.વ-૨૩, રહે-૨૮/૮ ક્રેકાવાલા વોરાની ચાલી,દેતીશના દવાખાના સામે, ગોમતીપુર, અમદાવાદ (૫) ગૌરાંગ સ/ઓ હર્ષદકુમાર સોની ઉ.વ-૨૧, રહે-૩૭૨૯, ભાટ, પીપરડી, હરેશ્વર મહાદેવ સામે,ઉમરેઠ (૬)સોયેબઅલી સ/ઓ નીશારઅલી સૈયદ ઉ.વ-૧૯, રહે-ગલી નં-૪, જમાલપુર,વીસેલ દરવાજો, મહેમદાવાદ (૭) પુજાબેન ડો/ઓ ઘનશ્યામભાઇ ત્રિવેદી ઉ.વ.૧૯, રહે, એમ/૨, વર્ધમાનનગર ફ્લેટ સી.પી.નગર પાસે ઘાટલોડીયા અમદાવાદ નાઓને સદર ગુનાના કામે પકડી અટક કરવામાં આવેલ છે. અને હાલમાં આગળની તપાસ તજવીજ ચાલુ છે.

## ત્રણ પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઈ સા.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ નીચે જણાવેલ ઇસમો "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય સદરી ઇસમો વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા અટકાયટી ઇસમ નં-(૧). પ્રવિણ ઉર્ફે પપ્પુ સ/ઓ ધર્મેશભાઇ કુમાવત ઉ.વ.૨૨ રહે: મ.નં-૭૮/૧૩૨૧,શીવાનંદનગરની ચાલી, નાગરવેલ હનુમાનની બાજુમાં અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-**PCB/DTN/PASA/1163/18** તા.**05/12/2018** અન્વયે ભુજ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા હુકમ કરેલ તથા નં-(૨). અક્ષય ઉર્ફે ગુલ્લુ સ.ઓ દશરથભાઇ ઠાકોર ઉ.વ.૨૦ રહે. ૧૭, શાંતિસાગર સોસાય૧ટી, સીંગરવા ગામ, તા-દસ્કોઇ જી-અમદાવાદ નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-**PCB/DTN/PASA/1164/18** તા.**05/12/2018** અન્વયે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા હુકમ કરેલ તથા નં-(૩). પુનિયો ઉર્ફે ગુડુ સ.ઓ પ્રભુભાઈ જાતે.મારવાડી (ઝંડાવાળા) ઉવ.૨૦ રહે. રમેશ દત્ત કોલોની ભીલવાસ સરદારનગર અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં- **PCB/DTN/PASA/689 /18** તા.**06/08/2018** અન્વયે ભુજ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા હુકમ કરતા ઉપરોક્ત ત્રણેય મજકુર પાસા અટકાયતીઓને પો.સ્ટે સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ શ્રી એસ.જે.ચૌહાણ તથા અ.હેડ.કોન્સ જીતેન્દ્રસિંહ હઠીસિંહ બ.નં-૭૯૭૦ તથા અ.પો.કોન્સ ધ્રુવરાજસિંહ અશોકસિંહ બ.નં-૮૭૯૨ તથા અ.પો.કો ત્રિપાલસિંહ રઘુવીરસિંહ બ.નં-૪૭૯૯ તથા અ.પો.કો સંદિપકુમાર જયંતિલાલ બ.નં-૧૦૧૬૩ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો સાથે ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી અ.પો.કોન્સ ધ્રુવરાજસિંહ અશોકસિંહ તથા અ.પો.કો ત્રિપાલસિંહ રઘુવીરસિંહ નાઓની સંયુક્ત બાતમી હકિકત આધારે સદરી ત્રણેય પાસા અટકાયતીઓને પકડી લઇ તા.૦૫/૧૨/૨૦૧૮ ના રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીઓને જરૂરી જાપ્તા સાથે ભુજ તથા રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવેલ છે. તા.૦૫.૧૨.૨૦૧૮.

## -x નારોલ પોલીસ સ્ટેશન x-

## લુંટના આરોપીને પકડી ગુનો શોધી કાઢતી નારોલ પોલીસ

**મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિ.શ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના.પો.કમિ. શ્રી, ઝોન-૬ સા. તેમજ ઇ.મ.પો.કમિ. શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર આર.એ.જાદવ સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ. ટી.કે.દેવમુરારી તથા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સંબંધી ગુના શોધવા તથા અટકાવવા સારૂ પેટ્રોલીગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૨૦/૧૫ વાગે ગણેશનગરના છાપરા પાસે આવતા "એક ઈસમ કે જેણે શરીરે પીળા કલરનુ ચોકડીવાળુ શર્ટ તથા કાળા કલરનુ પેન્ટ પહેરેલ છે. તે ઈસમ એક એકટીવા નં. જી.જે.૨૭. સી.જી.૩૬૦૧ નુ લઈને શંકમંદ હાલતમાં ચલાવી લઈ આવતા જેને કોર્ડન કરી રોકી લઈ જેનુ નામ સહેજાદખાન ઉર્ફે સજ્જુ સલીમખાન પઠાણ ઉ.વ.૧૯ રહે. ગણેશનગરના કાચા છાપરા પીપળજ પીરાણા રોડ પીપળજ અમદાવાદ શહેર નાનો હોય જે શંકમંદ ઈસમ બાબતે તપાસ કરતાં નારોલ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૨૯૬/૧૮ ઈ.પી.કો. કલમ. ૩૯૨. ૫૦૬(૨).૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોય અને સદર ગુનામાં આરોપી વોન્ટેડ હોય જેથી આરોપીને તા.૦૪/૧૨/૨૦૧૮ ના કલાક ૨૧/૦૦ વાગે પકડી અટક કરી લુંટનો ગુનો શોધી કાઢી પ્રશસંનીય કામગીરી કરેલ છે.**

<u>**મીલ્કત સબંધી ગુનાઓના આરોપીને પકડી પાડતી મેઘાણીનગર પોલીસ**</u>

અધિક પો.કમી.સા.શ્રી સેકટર-૨ સાહેબ તથા ના.પો.કમી. શ્રી ઝોન-૪ સાહેબ તથા મ.પો.કમી.શ્રી "જી" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના તથા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર મેઘાણીનગર પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ ના પો.સ.ઈ વી.એસ.સિંધવ તથા તથા મ.સ.ઇ.દિલીપભાઇ ઇશ્વરભાઇ બ.ન.૭૬૨૦ તથા મ.સ.ઇ.દિનેશકુમાર મીઠાલાલ બ.ન. ૭૬૧૧તથા પો.કો. સંદિપભાઇ મંગાભાઇ બ.ન. ૩૬૮૯ તથા પો.કો.હિતેન્દ્રસિંહ દેવેન્દ્રસિંહ બ.નં.૧૩૧૫૩ તથા એલ.આર. કિરણસિંહ ગોપાલસિંહ બ.ન. ૧૨૪૩ નાઓ મેઘાણીનગર પો.સ્ટે વિસ્તારમા ATM સેન્ટરમા પૈસા કાઢવા આવતા ઇસમો સાથે છેતરપીડીના બનાવો બનતા હોય જે સબધે સ્ટાફના માણસો સાથે પૂજા હોસ્પિટલ SBI બેંકના ATM સેન્ટર પાસે આવા બનતા ગુના ની વોચમા ઉભા હતા દરમીયાન પો.કો.હિતેન્દ્રસિંહ દેવેન્દ્રસિંહ બ.નં.૧૩૧૫૩ તથા એલ.આર. કિરણસિહ ગોપાલસિહ નાઓની બાતમી હકીકત આધારે મેઘાણીનગર પો.સ્ટે ફ.ગુ.ર.નં-૧૭૨/૧૮ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦ મુજબના કામના આરોપી જયેશ ઉર્ફે બબલુ અશોકભાઈ શાહ ઉ.વ ૩૨ ધંધો-મજુરી રહે:બ્લોક નં ૧૦૪/૨૪૮૮ ગુ.હા.બોર્ડ મેઘાણીનગર નાને ઉપરોક્ત ગુનાના કામે પકડી સારી કામગીરી કરેલ છે. તા.૦૫/૧૨/૧૮

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.